# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

**Shri Govind Guru University**

**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારિ પોલિટેકનીક કેમ્પસ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


૧૮. જે વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થયું ન હોય તેવા વિદ્યાર્થીઓની હાજરી તેમજ સેમેસ્ટર માન્ય ગણાશે નહિ. સમયસર રજિસ્ટ્રેશન ફોર્મ ના મોકલનાર સંસ્થાના વડાશ્રીની અંગત જવાબદારી ઉભી થશે.

૧૯. જે વિદ્યાર્થીનુ રજિસ્ટ્રેશન થયું નહિ હોય તે વિદ્યાર્થી યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવાપાત્ર થશે નહિ . રજિસ્ટ્રેશન ફોર્મ મોડું પડશે, ભૂલી જવાશે અને વિદ્યાર્થીને નુકસાન થશે તો સંસ્થાના આચાર્યશ્રીઓ/ વડાશ્રીઓ અંગત જવાબદારી ઉભી થશે.

૨૦. અનુસ્નાતક નિયમ અનુસાર રજિસ્ટ્રેશનની મુદત પાંચ વર્ષની છે તે જોતા પ્રવેશ મેળવ્યા બાદ ૫ વર્ષ પુરા થાય ત્યારે રજીસ્ટ્રેશન રદ થાય. આવા વિદ્યાર્થીઓને નવેસરથી રજીસ્ટ્રેશન કરાવીને સેમેસ્ટર મંજુર કરાવ્યા બાદ પરીક્ષામાં બેસી શકે. જેની નોંધ લઇ જો આવા વિદ્યાર્થીઓ હોય તો તેની વિગતો અનુસ્નાતક વિભાગમાં મોકલી આપવા વિનંતી.

૨૧. ચાલુ વર્ષના અનુસ્નાતક રજીસ્ટ્રેશનના ફોર્મ પ્રથમ સેમેસ્ટરના તા. ૧૫/૦૮/૨૦૧૬ સુધીમાં નિયત ફી સાથે અચૂક મોકલવાની રાખશો. આ સાથે યુનિવર્સિટી દ્વારા નિયત સ્પોર્ટસ ફી, સ્ટુડન્ટ વેલફેર ફી, પી.જી. ડેવલોપમેન્ટ ફી તથા સાંસ્કૃતિક ફાળાની રકમ સાથે જ મોકલવો અન્યથા ફોર્મ સ્વીકારી શકશો નહીં.

૨૩. અનુસ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમોમાં (સ્વનિર્ભર સહીત) ઓપન/ એસ. સી./ એસ. ટી./ બક્ષીપંચ / વિકલાંગ માટે નીચે પ્રમાણે અનામત રહેશે. (ડિવિઝન દીઠ)

| અનામત જગ્યાઓની ટકાવારી | ડીવીઝન દીઠ |
|---|---|
| (અ) અનુસુચિત જાતિ | ૭% |
| (બ) અનુસુચિત જનજાતિઓ | ૧૫% |
| (ક) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | ૨૭% |
| (ડ) મહિલા અનામત | સરકારશ્રીના નિયમ મુજબ |
| (ગ) બિન અમાનત આર્થીક રીતે નબળા વર્ગો (UEWS) | ૧૦% |
| (ઇ) વિકલાંગ ............ 3% (તમામ કક્ષામાં સમાવિષ્ટ) | |

(અ) અનામત જગ્યાઓ કુલ ૫૯% રહેશે.